# મિરેકલ ૯.૦ માં આપવામાં આવેલ નવી સુવિધા

(Build No: 170 or Later)

## મિરેકલ ઓટો-અપડેટર (Ctrl + U)

સમયાંતરે આપણે આપણા કસ્ટમરના મિરેકલને અપડેટ કરતા હોઈએ છીએ. તે માટે ખુબજ જરૂરી અને ડીલર અથવાતો તેમના સપોર્ટ એન્જીનીયરના સમયનો બચાવ કરે એવી **મિરેકલ ઓટો-અપડેટરની** ફેસેલીટી મિરેકલમાં એડ કરવામાં આવેલ છે જે ખુબજ સરળતાથી  લેટેસ્ટ EXE અપડેટ કરી આપશે. આ ફેસેલીટી જી.એસ.ટી.ના આગમન વખતે ખુબજ ઉપયોગી સાબિત થશે.

અત્યાર સુધી એવું થતું હતું કે મિરેકલમાં કોઈ લેટેસ્ટ ફેસેલીટી આપવામાં આવે અથવાતો કોઈ કસ્ટમરની એરર કે રીક્વાયરમેન્ટ સોલ્વ થાય તે પછી ત્યાં લેટેસ્ટ EXE અપડેટ કરવાની હોઈ છે. તે માટે રૂબરૂ જવું પડે અથવાતો કસ્ટમરને  ફોન પર સમજાવવું પડે કે આપણી વેબસાઈટ પરથી કેવી રીતે નવી EXE ડાઉનલોડ કરીને ઇન્સ્ટોલ કરવી અથવાતો આપણે જાતેજ ઓનલાઈન સર્વિસ દ્વારા નવી EXE અપડેટ કરી આપવી પડે. ખરુંને?

આશા છે કે **મિરેકલ ઓટો-અપડેટર** નું ફીચર એક ટાઇમ સેવિંગ ટૂલ તરીકે ખુબજ ઉપયોગી સાબિત થશે.

નોંધ: મિરેકલ ઓટો-અપડેટ નો ઉપયોગ કરવા માટે સૌ પ્રથમ ઈન્ટરનેટ કનેક્ટ હોવું ફરજીયાત છે અન્યથા ઓટો-અપડેટ થશે નહિ.

# <u>મિરેકલ ઓટો-અપડેટર સ્ટેપ્સ</u>

- સૌ પ્રથમ Exit મેનુ માં થી About Us માં જાવ







- ઉપરની સ્કીન ખુલતા **Ctrl + U** પ્રેસ કરો

- જેવું **Ctrl + U** પ્રેસ કરશો એટલે મિરેકલ ઓનલાઈન ચેક કરવા જશે કે નવી અપડેટ અવેલેબલ છે કે કેમ. જો નવી અપડેટ અવેલેબલ હશે તો નીચે મુજબ નો મેસેજ જોવા મળશે




- મિરેકલ અપડેટ કરવા માટે 'Yes' પર ક્લિક કરો અથવા કેન્સલ કરવામાટે 'No' પર ક્લિક કરો.

**<u>ખાસ નોંધ:</u> 'Yes' પર ક્લિક કરતા પહેલા એ ખાસ ધ્યાન રાખવું કે જો LAN વર્ઝન હોય તો જેટલા પણ બીજા મિરેકલ LAN માં ચાલુ હોય તો તે મેન્યુઅલી બંધ કરીને પછીજ અપડેટની પ્રોસેસ સ્ટાર્ટ કરવી અન્યથા મિરેકલ અપડેટ થશે નહિ**

- 'Yes' પર ક્લિક કરશો એટલે મિરેકલ આપો આપ બંધ થઇ જશે અને નીચે મુજબ મેસેજ જોવા મળશે જે મિરેકલની નવી EXE ડાઉનલોડ થાય છે એવું દર્શાવે છે



- EXE ડાઉનલોડ થયા બાદ મિરેકલ અપડેટ ની પ્રોસેસ ચાલુ થશે .




- જેવું મિરેકલ અપડેટ થવાનું કમ્પ્લીટ થશે નીચે મુજબ મેસેજ આવશે.




- મિરેકલ ઓપન કરવામાટે 'Yes' પર ક્લિક કરો. અને કોઈ પણ કંપની માં એન્ટર આપો



➢ હવે આપણે **Exit >> About Us** પર ક્લિક કરી ને જોઈ શકશું કે લેટેસ્ટ વર્ઝન અપડેટ થઇ ગયું છે.




➢ હવે જયારે લેટેસ્ટ વર્ઝન નાખેલું હોય એ સમયે જો આપણે **Ctrl + U** પ્રેસ કરશું તો નીચે મુજબ નો મેસેજ આવશે જે દર્શાવે છે કે મિરેકલ અપ ટુ ડેટ છે

